પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૩૦ | ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૦, બુધવાર; મહા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વિકાસનો વિજય : ફિર એકબાર 'કેજરીવાલ'

**આપના ઝાડૂએ ભાજપ-કોંગ્રેસના સૂપડા સાફ કર્યા : હેટ્રિક નોંધાવી : ભારતીય જનતા પાર્ટીને આખરે માત્ર આઠ સીટથી સંતોષ માનવાની ફરજ : દેશ 'જન કી બાત'થી ચાલશે, 'મન કી બાત'થી નહી, હનુમાનજીએ દિલ્હીની જનતા પર કૃપા વરસાવી : કેજરીવાલ : રાષ્ટ્રવાદના તમામ મુદ્દાઓની કોઇ અસર ન થઇ : મતદારોને મફત સુવિધાઓ આપવાના અરવિંદ કેજરીવાલના વચનોથી તમામ ખેંચાયા : કોંગ્રેસનો સફાયો**

નવી દિલ્હી, તા. ૧૧

દિલ્હીમાં મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે ફરી એકવાર જોરદાર સપાટો બોલાવીને આજે પ્રચંડ જીત મેળવી હતી. કેજરીવાલે દિલ્હીમાં આખરે હેટ્રિક નોંધાવી હતી. આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૭૦ સીટો પૈકી મોટાભાગની સીટો જીતીને ફરી ઈતિહાસ રચ્યો હતો. ભારતીય જનતા પાર્ટીએ દિલ્હી ચૂંટણીમાં તમામ તાકાત લગાવી હોવા છતાં કેજરીવાલની રણનીતિને પછડાટ આપવામાં સફળતા મેળવી ન હતી અને માત્ર ૭ બેઠકથી સંતોષ માનવાની ફરજ પડી હતી. જો કે, ભાજપ માટે સારા

● અનુસંધાન પાન-૭ પર

## આમ આદમી પાર્ટી હવે રાષ્ટ્ર નિર્માણના માર્ગે : કેમ્પેઇન શરૂ

ન્યુ દિલ્હી,તા.૧૧

આમ આદમી પાર્ટીના પાર્ટી કાર્યાલય પર મંગળવારે નવુ પોસ્ટર લાગ્યા છે. આ પોસ્ટરમાં લખ્યુ છે રાષ્ટ્ર નિર્માણ માટે આપ સાથે જોડાઓ, જોડાવવા માટે મિસ કૉલ કરો ૯૮૭૧૦૧૦૧૦૧. ભાજપના નક્શે કદમ પર ચાલતા આપે હવે રાષ્ટ્ર નિર્માણને મોટો મુદ્દો બનાવશે અને આ માટે સરકાર બનાવ્યા બાદ મોટા કેમ્પેઈનની શરૂઆત કરશે. આની ઝલક આમ આદમી પાર્ટીના મેનિફેસ્ટોમાં પણ જોવા મળી હતી. આપના મેનિફેસ્ટોમાં ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ એલાન કર્યુ હતુ કે જો આપની સરકાર બનશે તો સરકારી શાળામાં શરૂ કરવામાં આવેલી હેપિનેસ કરિકુલમ અને આંત્રપિન્ચોરશિપ કરિકુલમની સફળતા બાદ દેશભક્તિ અભ્યાસ ક્રમ લાવવામાં આવશે.



## આપની પ્રચંડ જીતનું રહસ્ય ?

- પાંચવર્ષના વિકાસના મુદ્દા પર જ પ્રચાર અભિયાન.
- સ્કૂલ, મહોલ્લા ક્લિનીક, પાણી વીજબીલમાં રાહત જેવા અસરકારક પગલાંનો સ્વિકાર.
- નકારાત્મક પ્રચારથી અળગા.
- મુખ્યમંત્રી તરીકે કેજરીવાલની અસરકારક કામગીરી સ્વીકારાઈ.
- નફરતની રાજનીતિથી અલિપ્ત રહેવામાં સફળ.
- ભાજપના નેતાઓના ઉશ્કેરીજનક વિધાનો સામે મૌન.
- શાહિનબાગના વિવાદથી આપના તમામ નેતાઓનું સલામત અંતર.
- દરેક વિસ્તારમાં કાર્યકરોની મોટી ફોજ સતત સક્રિય.
- જાણીતા રણનીતિકાર પ્રશાંત કિશોરના સલાહ-સૂચન મદદરૂપ બન્યા.
- ભાજપની નકારાત્મક અને નફરતની રાજનીતિ બૂમરેંગ.
- ભાજપે મુખ્યમંત્રીનો ચહેરો જાહેર ન કર્યો જેની અસર.
- ભાજપના જંગી પ્રચાર સામે કેજરીવાલ પ્રત્યે સહાનુભૂતિ.
- કેજરીવાલનું સરળ વ્યક્તિત્વ દિલ્હીવાસીઓને સ્પર્શ્યું.

# એનડીએએ બે વર્ષમાં ૭ રાજ્યોમાં સત્તા ગુમાવી

ન્યુ દિલ્હી,તા.૧૧

ભાજપના નેતૃત્વવાળી એનડીએ સરકાર છેલ્લા બે વર્ષમાં સાત રાજ્યોમાંથી પોતાની સત્તા ગુમાવી ચૂકી છે. ગઈ વખતે દિલ્હીમાં ફક્ત ત્રણ બેઠકો પર જ વિજય મેળવનારી ભારતીય જનતા પાર્ટી આ વખતે સારું પ્રદર્શન કરે તેવી આશા રખાઈ રહી હતી. દિલ્હીના પ્રદેશ ભાજપા અધ્યક્ષ મનોજ તિવારીએ ૪૮ બેઠકો પર વિજય મેળવવાના અનુમાન સાથે સત્તામાં આવવાની આશા વ્યક્ત કરી હતી. જોકે, તેમનું આ અનુમાન હવે ખોટું સાબિત થઈ રહ્યું છે.

આ સાથે જ ભાજપ માટે દેશનો રાજકીય નક્શામાં પણ કોઈ ફેરફાર નહીં જોવા મળે. દિલ્હી સહિતના ૧૨ રાજ્યોમાં હજી પણ ભાજપ વિરોધી પક્ષોની સરકાર સત્તામાં છે. એનડીએની પાસે ૧૬ રાજ્યોમાં જ પોતાની સરકાર છે. આ રાજ્યોમાં ૪૨ ટકા આબાદી રહે છે. કોંગ્રેસ પોતાના આત્મબળે અથવા તો ગઠબંધનની મદદથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પંજાબ, પોંડીચેરીમાં સત્તા બનાવવામાં સફળ રહી છે.

ડિસેમ્બરમાં યોજાયેલી ચૂંટણીમાં ઝારખંડમાં સરકાર રચ્યા બાદ કોંગ્રેસની સરકાર સાત રાજ્યોમાં છે. દિલ્હીમાં આમ આદમી પાર્ટી સતત ત્રીજી વખત વિજયી થઈ રહી છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ, કેરળમાં માકપાના નેતૃત્વવાળી ગઠબંધનની સરકાર, આંધ્રપ્રદેશમાં વાઈએસઆર કોંગ્રેસ, ઓડિશામાં બીજેડી અને તેલંગાણામાં ટીઆરએસ પાર્ટી સત્તામાં છે. તમિલનાડુમાં જ્યાં ભાજપે અન્નાદ્રમુકની સાથે લોકસભની ચૂંટણી જીતી હતી પરંતુ રાજ્યમાં તેમનો એક પણ ધારાસભ્ય નથી. તેથી તેઓ સત્તાના ભાગીદાર નથી બની શક્યા.

## ભાજપ જનાદેશને સ્વીકારે છે : નડ્ડા

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામ સ્પષ્ટ થતા હારનો સ્વીકાર કર્યો હતો અને ભાજપ વિપક્ષમાં રહીને ભૂમિકા ભજવશે તેમ જણાવ્યું હતું.

ભાજપ દિલ્હી વિધાનસભા ચૂંટણી નવા ચૂંટાયેલા અધ્યક્ષ જેપી નડ્ડાની આગેવાનીમાં લડ્યું હતું. દિલ્હી વિધાનસભા ચૂંટણીના પ્રાથમિક રૂઝાન પરથી સ્પષ્ટ થયું છે કે ભાજપ સરકાર રચવાની સ્થિતિમાં નથી. પરિણામ સ્પષ્ટ થતા નડ્ડાએ જનાદેશનો સ્વીકાર કરતા જણાવ્યું કે, 'અમે દિલ્હીની પ્રજાના જનાદેશનો સ્વીકાર કરીએ છે. તેમણે આપના વડા અરવિંદ કેજરીવાલને દિલ્હી ચૂંટણીમાં જીત બદલ અભિનંદન આપ્યા હતા.' નડ્ડાએ ટ્વીટ કરતા વધુમાં જણાવ્યું કે, 'અમે રચનાત્મક વિપક્ષની ભૂમિકામાં રહીશું અને આશા છે કે આપની સરકાર સર્વગ્રાહી વિકાસના મુદ્દે કામ કરશે.'

## અંતિમ વન-ડેમાં ભારતને ૫ વિકેટે હરાવી ન્યૂઝીલેન્ડે શ્રેણી જીતી

**નિકલ્સના ૮૦, ગુપ્ટિલ-૬૬ અને ડિ ગ્રાન્ડહોમના અણનમ ૫૮ રને કિવીને વિજય અપાવ્યો : ભારતના ૨૯૭ રનના ટાર્ગેટ સામે ન્યૂઝીલેન્ડે ૪૭ ઓવરમાં જ લક્ષ્ય હાંસલ કર્યો : કે.એલ. રાહુલની શાનદાર સદી : નિકોલસ મેન ઓફ દ મેચ અને રોસ ટેલર સિરિઝ**



માઉન્ટ મોંગેરી,તા.૧૧

ન્યૂઝીલેન્ડે અહીં રમાયેલી ત્રણ મેચોની વનડે સિરીઝની અંતિમ મેચમાં ભારતને ૫ વિકેટે પરાજય આપીને સિરીઝ ૩-૦થી પોતાના નામે કરી લીધી છે. ભારતીય ટીમનો વનડે ક્રિકેટમાં આશરે ૩૧ વર્ષ બાદ વ્હાઈટ વોશ થયો છે. છેલ્લે ભારતને વર્ષ ૧૯૮૮/૮૯માં પાંચ મેચોની સિરીઝમાં વેસ્ટ ઈન્ડિઝે ૫-૦થી પરાજય આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતે કેએલ રાહુલ (૧૧૨) અને શ્રેયસ અય્યર (૬૨) રનની મદદથી ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૯૬ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે ૪૭.૧ ઓવરમાં ૫ વિકેટે ૩૦૦ રન બનાવી લક્ષ્ય હાસિલ કરી લીધો હતો. ટી-૨૦ સિરીઝ ૫-૦થી જીત્યા બાદ ભારતે વનડે સિરીઝ ૩-૦થી ગુમાવી છે. હવે બંન્ને ટીમો વચ્ચે બે મેચોની ટેસ્ટ સિરીઝનો પ્રારંભ ૨૧ ફેબ્રુઆરીથી થશે. ૨૯૭ રનના લક્ષ્યનો પીછો કરતા ન્યૂઝીલેન્ડે ૪૭.૧ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી લક્ષ્ય હાંસિલ કરી લીધો હતો. આ હારની સાથે ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીના નામે શરમજનક રેકોર્ડ નોંધાઈ ગયો છે. ૩૧ વર્ષ બાદ ભારતે કોઈ વનડે સિરીઝ એકપણ મેચ જીત્યા વિના ગુમાવી છે.

# ટ્રમ્પની ભારત યાત્રાની સત્તાવાર જાહેરાત

**વ્હાઇટ હાઉસ દ્વારા જાહેરાત થતા અટકળોનો અંત : ટ્રમ્પની સાથે ફર્સ્ટ લેડી પણ રહેશે : અમદાવાદમાં ભવ્ય કાર્યક્રમ અને સ્વાગત માટેની તૈયારી**



વોશિંગ્ટન,તા. ૧૧

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની ઐતિહાસિક પ્રથમ યાત્રાએ આવી રહ્યા છે. તેમની હાઈપ્રોફાઈલ ભારત યાત્રા ૨૪મી ફેબ્રુઆરીના દિવસથી શરૂ થઇ રહી છે. બે દિવસની ભારત યાત્રા દરમિયાન ટ્રમ્પ નવી દિલ્હી અને અમદાવાદમાં રહેશે. તેમની ભારત યાત્રાથી સંબંધ નવી ઉંચાઇ પર પહોંચે તેવા સંકેત છે. ટ્રમ્પની ભારત યાત્રાને લઈને તમામ તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી છે. આજે સવારે વ્હાઈટ હાઉસ દ્વારા કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી અને વ્હાઈટ હાઉસ દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ટ્રમ્પની સાથે ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ પણ આવશે. તેઓ ૨૪-૨૫મી ફેબ્રુઆરીના દિવસે ભારતમાં રહેશે. તેમણે કહ્યુ હતુ કે ટ્રમ્પ અને મોદી વચ્ચે આ

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યોને જીએસટીનું સંપૂર્ણ વળતર નહીં મળે

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામને જીએસટીના વળતર બાબતે હાથ ઊંચા કરી દીધા છે અને એમ કહ્યું છે કે રાજ્યોને જીએસટીનું પૂરેપૂરું વળતર મળી શકશે નહીં અત્યારે એવા કોઈ સંજોગો નથી.નાણામંત્રાલયના વર્તુળો એ એવી જાહેરાત કરી છે કે રાજ્ય સરકારોને ઉપકરમાંથી થનારી આવકમાંથી રકમ મળશે અને તબક્કાવાર મળશે. સંપૂર્ણપણે જીએસટીના વળતરની રકમ મળી શકશે નહીં. આ મુદ્દા પર છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર વચ્ચે ચર્ચા ચાલી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા અને ખાસ કરીને નાણામંત્રાલય દ્વારા વારંવાર એવી જાહેરાત પણ થઈ હતી કે જીએસટી માં રાજ્ય સરકારોને જો ખોટ જશે તો કેન્દ્ર તેની ભરપાઇ કરશે.

કૈલાસ માનસરોવર યાત્રા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

